*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. 000789

# 10 (G)

**(JULY, 2022)**

---

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D છે. તથા 1 થી 54 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુમાં અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન નં. – 54 નકશાપૂર્તિ ફરજિયાત છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

---

## વિભાગ – A

- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (દરેકનો 1 ગુણ) [24]
- યોગ્ય જોડકાં જોડો. [5]

| (A) | (B) |
|---|---|
| 1) તાનારીરી મહોત્સવ | (A) ભારત |
| 2) કુચીપુડી | (B) ઈ.સ. 1981 |
| 3) રાઈનો વિઝન | (C) આંધ્રપ્રદેશ |
| 4) અબરખ | (D) ઈ.સ. 1995 |
| 5) વાયુ પ્રદૂષણ નિયંત્રણ ધારો | (E) ગેંડા પરિયોજના |
| | (F) વડનગર |

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

6) સારનાથનો સ્તંભ ભારતની શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે. [1]

7) પ્રારંભિક બૌધ્ધ સાહિત્ય તમિલ ભાષામાં લખાયું છે. [1]

8) રાજકોષીય નીતિ એટલે જાહેર આવક-ખર્ચ અંગેની નીતિ, કરવેરા વિષયક અને જાહેર ઋણની નીતિ. [1]

9) વર્ષ 1975 ને 'મહિલા સશક્તિકરણ' વર્ષ તરીકે ઉજવવામાં આવેલ છે. [1]

10) સાંપ્રદાયિકતા એ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસને અવરોધતું પરિબળ છે. [1]

- **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

11) ઈ.સ. ______ માં વન્યજીવોને લગતો કાયદો અમલમાં આવ્યો છે. [1]
(1975, 1979, 1972)

12) સાલારગંજ સંગ્રહાલય ______ શહેરમાં આવેલું છે. [1]
(હૈદરાબાદ, મુંબઈ, ભોપાલ)

13) ______ નદીમાંથી 'ગ્રાન્ડ એનિકટ' નામે જાણીતી નહેરનું નિર્માણ બીજી સદીમાં થયું હતું. [1]
(કૃષ્ણા, કાવેરી, કોસી)

14) તળાવો દ્વારા થતી સિંચાઈ ______ ના રાજ્યોમાં વધારે છે. [1]
(પૂર્વ અને દક્ષિણ, ઉત્તર અને દક્ષિણ, પશ્ચિમ અને પૂર્વ)

15) દિબ્રુગઢથી કન્યાકુમારીને જોડતો રેલમાર્ગ ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છે, જે ______ તરીકે જાણીતો છે. [1]
(વિવેક એક્સપ્રેસ, આશ્રમ એક્સપ્રેસ, શતાબ્દી એક્સપ્રેસ)

- **નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

**16)** નીચેનામાંથી ક્યું વિધાન સાચું નથી? **[1]**

(A) ભારતે 'વસુધૈવકુટુંબકમ્' ની ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે.

(B) 'મને કહેતાં ગર્વ થાય છે કે જે ધર્મનો હું પ્રતિનિધિ છું તે ધર્મે જગતને સહિષ્ણુતા અને વિશ્વબંધુત્ત્વના પાઠો શીખવ્યા છે'! - સ્વામી વિવેકાનંદ.

(C) ડચ અને અંગ્રેજોને પણ સહિષ્ણુતા અને વિશ્વબંધુત્ત્વમાં માનતી ભારતની પ્રજાએ આવકાર્યા.

(D) પ્રાચીન ભારતના જ્યોતિર્ધરોએ ભારતની આર્થિક એકતા પર ભાર મૂક્યો હતો.

**17)** નીચેની બહુહેતુક યોજનાઓને તેના લાભાન્વિત રાજ્યની સાથે જોડી યોગ્ય ક્રમ પસંદ કરો. **[1]**

| | | | |
|---|---|---|---|
| (1) | ભાખરા - નાંગલ | (a) | બિહાર |
| (2) | કોસી | (b) | પંજાબ |
| (3) | નાગાર્જુન સાગર | (c) | ગુજરાત |
| (4) | નર્મદા | (d) | આંધ્રપ્રદેશ |

(A) (1 - b), (2 - a), (3 - c), (4 - d)

(B) (1 - b), (2 - a), (3 - d), (4 - c)

(C) (1 - d), (2 - c), (3 - b), (4 - a)

(D) (1 - c), (2 - d), (3 - a), (4 - b)

**18)** ધરોઈ બહુહેતુક યોજના કઈ નદી પર નિર્માણ પામી છે? **[1]**

(A) મહીસાગર

(B) સાબરમતી

(C) નર્મદા

(D) તાપી

**19)** આર્થિક રીતે ભારત કેવો દેશ છે? **[1]**

(A) વિકસિત (B) પછાત

(C) વિકાસશીલ (D) ગરીબ

**20)** નીચે દર્શાવેલ કઈ બાબત સેવાક્ષેત્રમાં સામેલ નથી, તે ઓળખી બતાવો. **[1]**

(A) સંદેશા વ્યવહાર (B) આરોગ્ય

(C) બેંકિંગ (D) ધાતુઓનું ખોદકામ

- **નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં ઉત્તર લખો.**

21) એવરેસ્ટ આરોહણ સમયે ક્યા લોકો સામાન ઊંચકવાનું કાર્ય કરે છે? [1]

22) ગુજરાતનું સૌથી મોટું રેલવે સ્ટેશન ક્યું છે? [1]

23) ક્યા દેશોએ પોતાનો આર્થિક વિકાસ બજાર પદ્ધતિથી કર્યો છે? [1]

24) ટાંકણીથી લઈને મોટા-મોટા યંત્રો સુધીનું ઉત્પાદન ક્યા ક્ષેત્રમાં કરવામાં આવે છે? [1]

## વિભાગ - B

- **નીચે આપેલા કુલ (13) તેર પ્રશ્નોમાંથી કોઈપણ (9) નવ પ્રશ્નોના જવાબ લખો. (દરેકના 2 ગુણ) (25 થી 37 પ્રશ્નોના ત્રીસથી પાંત્રીસ શબ્દોમાં જવાબ લખો.)** **[18]**


25) 'ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે' - વિધાન સમજાવો. [2]

26) આર્યો પ્રકૃતિપ્રેમી હતા - સમજાવો. [2]

27) શાસ્ત્રકારોએ ભવાઈને 'ભાવપ્રધાન નાટકો' કહ્યાં છે. શા માટે? [2]

28) ગુજરાતમાં સોલંકી યુગનાં સમયગાળામાં પાટણનાં પટોળા જગતભરમાં વિખ્યાત બન્યા. શા માટે? [2]

29) નીચે દર્શાવેલ ચિત્રને ઓળખી તેનાં વિશે ટૂંકમાં માહિતી આપો. [2]



30) અમદાવાદની ઓળખ ઐતિહાસિક નગરી તરીકે થાય છે? શા માટે? [2]

31) વન્યજીવોનાં વિનાશનાં કારણો જણાવો. [2]

32) પારિભાષિક શબ્દોના અર્થ –: [2]

(1) બોક્સાઈટ

(2) સીસું

33) ચૂનાના પત્થરનો ઉપયોગ જણાવો. [2]

34) સુતરાઉ કાપડ ઉદ્યોગ કઈ-કઈ સમસ્યાનો સામનો કરી રહ્યો છે? [2]

35) મને ઓળખો : [2]

(1) ડેનિમ સિટી ઓફ ઈન્ડિયા

(2) સિલિકોન વેલી


36) આતંકવાદ અને બળવાખોરી વિશે તફાવત લખો. [2]

37) આતંકવાદની આર્થિક અસરો જણાવો. [2]

## વિભાગ – C

- **નીચે આપેલા કુલ નવ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. પ્રશ્ન ક્રમાંક 38 થી 46 પ્રશ્નોના જવાબ આશરે 60 થી 80 શબ્દોમાં લખો. (દરેકના 3 ગુણ)** [18]

38) નીચેનું ચિત્ર જોઈને સવાલોના જવાબો આપો. [3]



(1) આ ચિત્ર કયા પ્રાચીન નગરનું છે?

(2) આ ચિત્ર કયા રાજ્યમાં આવેલું છે?

(3) આપેલ પ્રાચીન નગરની વિશેષતાઓ કઈ હતી?

39) ઉત્તર ગુજરાત સ્થિત મંદિર જેનું નક્શીકામ ઈરાની શૈલીમાં થયું છે, તે મંદિરનો પરિચય આપો. [3]

40) બિહારના પટણા જિલ્લાના બડગાંવ નામના ગામ પાસે પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ આવેલી છે, તેની માહિતી આપો. [3]

41) આપેલ શબ્દોને વ્યાખ્યા સ્વરૂપે લખો. [3]

(1) વિરલ સંસાધન


(2) જમીન

(3) જમીન ધોવાણ

42) ભૂમિ સંરક્ષણના ઉપાયો જણાવો. [3]

43) પર્યાવરણ સુરક્ષા માટેનાં પગલાંઓ જણાવો. [3]

44) નીચે આપેલા ચિત્રોને ઓળખીને તેનાં પૂરાં નામ લખો. [3]




45) વર્તમાન સમયમાં ગ્રાહકોનું શોષણ કઈ-કઈ રીતે થઈ શકે છે? [3]

46) ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ-કઈ યોજનાઓ અમલમાં મુકેલ છે તે સમજાવો. [3]

## <u>વિભાગ – D</u>

- **નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ 120 થી 150 શબ્દોમાં જવાબ લખો. અને પ્રશ્ન નં. 54 નક્શો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ)** [20]

47) પ્રાચીન સમયથી ભારતે વૈદકવિદ્યા અને શલ્ય ચિકિત્સા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. – સમજાવો. [4]

48) વાસ્તુશાસ્ત્રમાં કઈ માહિતીનો સમાવેશ થાય છે? [4]

49) કૃષિમાં ટેકનિકલ અને સંસ્થાકીય સુધારા જણાવો. [4]

50) આપેલ ચિત્ર ભારતના મુખ્ય પીણાનું છે, તે કયું પીણું છે? તે પાકની વિસ્તૃત માહિતી આપો. [4]



51) ગરીબી એટલે શું? ગરીબી રેખાથી નીચે જીવતાં લોકોનાં સામાન્ય લક્ષણો કયા-કયા હોય છે. [4]

52) વિશ્વ શ્રમબજારનો ખ્યાલ સ્પષ્ટ કરો. [4]

53) અસામાજિક પ્રવૃત્તિ-ભ્રષ્ટાચાર એ વૈશ્વિક દૂષણ છે - તેની અર્થતંત્ર અને સમાજ પર વિપરિત અસરો જણાવો. [4]

54) ભારતના રેખાંકિત નક્શામાં નીચેની વિગતો આપેલા નક્શામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો. [4]

(1) રણ પ્રકારની જમીન

(2) રાષ્ટ્રીય ઉદ્યાન-કાઝીરંગા

(3) શેરડી પકવતો પ્રદેશ

(4) લોખંડ-પોલાદનું એક કેન્દ્ર-ભદ્રાવતી

- **<u>દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે નીચેના પ્રશ્નોના જવાબ આપો.</u>**

(1) રણ પ્રકારની જમીન કયા રાજ્યમાં આવેલી છે?

(2) કાઝીરંગા-રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલું છે?

(3) ભારતમાં શેરડી પકવતા પ્રદેશો કયા કયા છે?

(4) ભદ્રાવતી લોખંડ-પોલાદનું કેન્દ્ર કયા રાજ્યમાં આવેલું છે?